# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-09-2024** **Morning : 7.10 to 7.20**
**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત સૌથી વધુ વૃક્ષારોપણ કરનારા ગુજરાત સહિતના રાજયોની પ્રશંસા કરી.**
2) **મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજકોટ જિલ્લા સહકારી બેન્કની વાર્ષિક સભાને સંબોધતા રાજ્યની સહકારી બેન્કોના વિકાસની સિદ્ધિને બિરદાવી**
3) **કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલીના દુધની ગામને શ્રેષ્ઠ પ્રવાસન ગામનો પુરસ્કાર એનાયત**
4) **આણંદ જિલ્લામાં આઇ ખેડૂત પોર્ટલ ઉપર ઓનલાઈન ડ્રો પધ્ધતિ દ્વારા ૨૬ હજાર ૪૦૩ લાભાર્થીઓની સહાય મંજૂર કરાઈ.**
5) **હવામાન વિભાગે રાજ્યના કેટલાક જિલ્લાઓમા ભારે વરસાદને પગલે યલો અલર્ટ જાહેર કર્યું છે.**

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે “મન કી બાત” કાર્યક્રમની 114મી કડીમાં દેશવાસીઓને સંબોધન કરતાં એક પેડ મા કે નામ અભિયાન અંતર્ગત સૌથી વધુ વૃક્ષારોપણ કરનારા ગુજરાત સહિતના રાજ્યોની પ્રશંસા કરી હતી. પ્રધાનમંત્રીએ સ્વચ્છ ભારત અભિયાનની સફળતાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ‘કચરામાંથી સંપત્તિ’નો મંત્ર લોકોમાં લોકપ્રિય બની રહ્યો છે. હવે લોકોએ રિડ્યૂઝ, રિયૂઝ અને રિસાઈકલની વાત શરૂ કરી છે. પ્રધાનમંત્રીએ આ સફળતાને મહાત્મા ગાંધીજી પ્રત્યે સાચી શ્રદ્ધાંજલિ ગણાવી હતી.

રોજગારીમાં પરિવર્તનનો ઉલ્લેખ કરતાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, ‘નવા ક્ષેત્રમાં આગળ વધવાની સાથે સાથે રોજગારીની પ્રકૃતિ બદલાઈ રહી છે. પ્રધાનમંત્રીએ માહિતી અને પ્રસારણ મંત્રાલયે શરૂ કરેલા ક્રિએટ ઇન ઇન્ડિયાનો પણ ઉલ્લેખ કર્યો હતો.’

શ્રી મોદીએ મેક ઇન ઇન્ડિયાની સફળતા પર ભાર મૂકતા જણાવ્યું કે, આ ઝૂંબેશની સફળતામાં દેશનાં મોટા ઉદ્યોગો અને નાના દુકાનદારોનાં પ્રદાનનો પણ સમાવેશ થાય છે. તેનાથી નિકાસને વેગ મળ્યો છે અને સીધા વિદેશી રોકાણને પ્રોત્સાહન મળ્યું છે.. પ્રધાનમંત્રીએ જણાવ્યું છે કે, મેક ઇન ઇન્ડિયા પહેલને કારણે ભારત ઉત્પાદન ક્ષેત્રનું મોટું કેન્દ્ર બની ગયું છે.

2 જી ઓક્ટોબરે સ્વચ્છ ભારત મિશનને 10 વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે.જે મિશનને સફળ ગણાવતા શ્રી મોદીએ જણાવ્યું કે, ‘વેસ્ટ ટુ વેલ્થ’ મંત્ર લોકપ્રિય બની રહ્યો છે.અંતમાં શ્રી મોદીએ દેશવાસીઓને નવરાત્રિથી શરૂ થઈ રહેલાં તહેવારોની શુભેચ્છા પાઠવી હતી..

---

- રીપીટ

# CM IN RAJKOT

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગઈકાલે રાજકોટ જિલ્લા સહકારી બેન્ક સહિત જિલ્લા કક્ષાની સાત સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી.

આ પ્રસંગે સંબોધન કરતા મુખ્યમંત્રી એ રાજકોટ જિલ્લાની સપ્ત સહકારી સંસ્થાઓ જનસેવા અને જન કલ્યાણ  માટે આ સંસ્થાઓને અભિનંદન પાઠવ્યા હતા. જિલ્લા સહકારી બેન્કની પ્રગતિ વિશે વાત કરતાં મુખ્યમંત્રી એ જણાવ્યું હતું કે, રાજકોટ અને મોરબી જિલ્લાની 450 જેટલી સહકારી મંડળીઓના આશરે બે લાખ 35 હજાર જેટલા ખેડૂતો આ બેન્ક સાથે જોડાયેલા છે.

વધુમાં તેમણે જણાવ્યું કે, સહકારી ક્ષેત્ર એ દેશના વિકાસનું વૈકલ્પિક મોડલ છે ગુજરાતે માઈક્રો અને મેક્રો બંને સ્થળે સહકારી લક્ષ્યાંકો સિદ્ધ કર્યા છે.

આ પ્રસંગે ઉપસ્થિત કૃષિ મંત્રી રાઘવજી પટેલ, ઇફ્કોના ચેરમેન દિલિપ સંઘાણી સહિત સહકારી ક્ષેત્રના આગેવાનો તેમજ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

---------------------------------------------------------------------

- માહિતી ખાતુ – સુનિતા

-(NAVIN)

# VADODARA CM LAGHU UDYOG SANMELAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના એકમો એટલે કે, MSME ક્ષેત્રને રાજ્યની કરોડરજ્જૂ સમાન ગણાવ્યા છે.

વડોદરામાં લઘુ ઉદ્યોગ ભારતીના ક્ષેત્રીય સંમેલનમાં સંબોધતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, 'દેશની જીડીપી એટલે કે, કુલ સ્થાનિક ઉત્પાદનમાં MSME ક્ષેત્રનું 35 ટકા જેટલું યોગદાન રહ્યું છે. લઘુ ઉદ્યોગ ભારતી ઉદ્યોગ હિત સાથે રાષ્ટ્ર હિતનો વિચાર કરતું સંગઠન છે અને તે "આત્મનિર્ભર ભારત" અને "મેક ઇન ઇન્ડિયા" માટે અવિરતપણે કાર્યરત્ છે.

શ્રી પટેલે ઉમેર્યું કે, અવકાશથી લઈ સેમિ-કન્ડકટર અને ઇલેકટ્રોનિકથી લઈ ઇલેક્ટ્રિક વાહન જેવા ક્ષેત્રમાં દેશ આગળ વધવા સાથે વિશ્વનો બીજો સૌથી મોટો મોબાઇલ ઉત્પાદક પણ બન્યો છે. મુખ્યમંત્રીએ ઉંમેર્યું કે, 'નવા તંત્રજ્ઞાનના કારણે નાના ઉદ્યોગની ઉત્પાદકતામાં સકારાત્મક અસર પડે છે. લઘુ ઉદ્યોગ ભારતી દ્વારા આ દિશામાં વધુ કામ થાય તો નાના ઉદ્યોગોને મોટા લાભ થશે.

---------------------------------------------------------------------

- રીપીટ

# DUDHANI VILLAGE AWARD

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલીના દુધની ગામને પ્રવાસન મંત્રાલય દ્વારા શ્રેષ્ઠ પ્રવાસન ગામનો પુરસ્કાર એનાયત કરાયો છે.

દમણના અમારા પ્રતિનિધિ પ્રદિપ ભાવસાર જણાવે છે કે, નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં વિશ્વ પ્રવાસન દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં પ્રવાસન મંત્રાલય દ્વારા “જવાબદાર પ્રવાસન મોડેલ”માં ઉત્કૃષ્ટ દેખાવ બદલ આ ગામનું સન્માન કરાયું છે. પોતાની ટકાઉ અને જવાબદાર પ્રવૃત્તિઓ માટે પ્રવાસીઓને આકર્ષીને દુધની ગામે આ સિદ્ધિ હાંસલ કરી છે. દુધની ગામ એ કુદરતી અને સાંસ્કૃતિક વારસા માટે વિશ્વ વિખ્યાત પણ છે.

---

- રીપીટ

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટ્વીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# I Farmer - Anand

આણંદ જિલ્લાના પશુપાલન વિભાગે આઇ ખેડૂત પોર્ટલ ઉપર ઓનલાઈન ડ્રો પધ્ધતિ દ્વારા ૨૬ હજાર ૪03 લાભાર્થીઓની અરજી મંજૂર કરી છે.

આઈ ખેડૂત પોર્ટલ પર ઓનલાઇન અરજીઓ અન્વયે પશુ ખાણદાણ સહાય યોજના અંતર્ગત પ્રતિ લાભાર્થી દીઠ ૧૫૦ કિલો દાણ માટેની સહાય પેટે ૩ હજાર ૯૭૫ની સહાય મંજૂર કરાયા છે. ચાલુ વર્ષે ખાણદાણ સહાય યોજના અંતર્ગત કુલ ૩૫,૫૮૮ પશુપાલકોએ આઈ ખેડૂત પોર્ટલ પર અરજી કરી હતી જેમાં સૌથી વધુ અરજી મહીસાગર કાંઠાના ગામોના પશુપાલકોએ કરી હતી. જે પૈકી ૨૬,૪03 લાભાર્થીઓની અરજીઓ મંજૂર કરવામાં આવી હતી. આ યોજના માટે ૨ કારોડથી વધુની નાણાકિય જોગવાઈ પણ કરવામાં આવી છે.

---

- આણંદ /સિમ્પલ

-(NAVIN)

# SWCHHTA HI SEVA

કામરેજ તાલુકાના નવા ગામ તથા બારડોલી તાલુકાના સાંકરી ખાતે સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત ક્લસ્ટર લેવલ ફેડરેશન “સખી ટોક શો” યોજાયો હતો. ટોક શોમાં સખીઓ દ્વારા સ્વચ્છતા, પ્રાકૃતિક ખેતી જેવા વિષય પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. સૌ સખીઓએ મહિલા સશક્તિકરણ તથા સ્વચ્છતા અંગે વિચારો રજૂ કર્યા હતા.

'સ્વચ્છતા હી સેવા 2024' ઝુંબેશ અંતર્ગત પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન ખાતે સ્વચ્છતા જાગૃતિ અંગેના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં સ્વચ્છ ખાદ્ય પહેલ અંતર્ગત આરોગ્ય નિરીક્ષકો અને વાણિજ્ય નિરીક્ષકોએ રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર, દ્વારકા, ઓખા અને અન્ય સ્ટેશનો પર આવેલા કેટરીંગ સ્ટોલ અને ટ્રેનોમાં આવેલી પેન્ટ્રી કારનું નિરીક્ષણ કર્યું હતું અને મુસાફરો, વિક્રેતાઓ અને રેલ્વે કર્મચારીઓને સ્વચ્છ ખોરાક વિશે માહિતી પૂરી પાડી હતી અને ખોરાકના નમૂના લેવામાં આવ્યા હતા.

આ ઉપરાંત રાજકોટ સ્ટેશન અને અન્ય સ્ટેશનો પર નુક્કડ નાટકો દ્વારા રેલ્વે મુસાફરો, કુલીઓ, વિક્રેતાઓ અને કર્મચારીઓને સિંગલ યુઝ પ્લાસ્ટિકના નુકસાન અને સ્વચ્છતાના મહત્વ વિશે જાગૃત કરવામાં આવ્યા હતા અને સ્વચ્છતા જાળવવા અને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા પ્રેરિત કરવામાં આવ્યા હતા.

---------------------------------------------------------------------

- હિન્દુસ્તાન સમાચાર, રાજકોટ /સિમ્પલ

– સુનિતા -(NAVIN)

# SVCHHTA HI SEVA

આણંદ જિલ્લામાં યોજાયેલા જિલ્લાકક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં જિલ્લાના 1 હજાર 976 લાભાર્થીઓને 3 કરોડથી વધુની સાધન - સહાય આપવામાં આવી હતી.

જિલ્લાના લાભાર્થીઓને સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત લાભ આપવામાં આવ્યો હતો. તેમાં આણંદ જિલ્લાના તારાપુરના રહેવાસી મૂકબધિર રચનાબેન ઠક્કરનો પણ સમાવેશ થાય છે.

તેમને દિવ્યાંગ સાધન સહાયની યોજના અંતર્ગત પાપડ બનાવવાની કીટ મેળવતા રચનાબેને સાંકેતિક ભાષામાં વ્યક્ત કરેલી તેમની લાગણીનું ખંભાતના મુકેશભાઇએ શબ્દોમાં વર્ણન કર્યું

## (બાઇટ - મૂક બધિર રચનાબેન વતી મુકેશભાઇ )

-------------------------------------------------------------------

- પીટીસી આણંદ /હેમાંગીની -(NAVIN)

# GUJ WEATHER

હવામાન વિભાગે રાજ્યના કેટલાક જિલ્લાઓમા ભારે વરસાદને પગલે યલો અલર્ટ જાહેર કર્યું છે. જે અનુસાર ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટાઉદેપરુ, નર્મદા, ભરૂચ તેમજ સૌરાષ્ટ્રમાં અમરેલી અને ભાવનગરમાં ભારે વરસાદની શક્યતા છે.

આ ઉપરાંત બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, તેમજ છોટાઉદેપરના કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે.

દક્ષિણ ગુજરાતની વાત કરીએ તો નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, દમણ, દાદરા નગર હવેલીના અંતરિયાળ ભાગો ઉપરાંત સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ તેમજ કચ્છ અને દીવમાં હાળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

વડોદરા જિલ્લામા ભારે વરસાદને પગલે શિક્ષણ વિભાગે મહનગરપાલિકા અંતર્ગત આવતી તમામ સરકારી અને ખાનગી શાળાઓમાં આજે રજા જાહેર કરી છે.

તો જિલ્લામાં વરસાદને પગલે રોગચાળાની ભીતિ સેવાતા નેંત્રગમાં રેપીડ રિસ્પોન્સ ટીમે આરોગ્ય સર્વે હાથ ધર્યો હતો. નેત્રંગ ગ્રામ પંચાયત હસ્તકના કુવા અને બોર તેમજ પાઇપલાઇમનમાંથી ગાંધી બજાર, ડબ્બા ફળિયા, શાંતિનગર, જવાહર બજાર, જીન બજાર વિસ્તારોમાં પીવાનું પાણી દૂષિત થતું હોવાથી ઝાડા ઉલ્ટીના ઘણા કેસો નોંધાયા હોવાના અહેવાલ છે. દરમિયાન એક પ્રૌઢ મહિલા સહિત ત્રણના મોત નોંધાતા આરોગ્ય વિભાગે સર્વેની કામગીરી હાથ ધરી હતી.

અરવલ્લી જિલ્લામાં શનિવારથી ભારે વરસાદ પડી રહ્યો છે. જિલ્લામાં છેલ્લા બે દિવસમાં પાંચ ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે. છેલ્લા ચોવીસ કલાકમાં જિલ્લાના માલપુરમાં સૌથી વધુ પોણા બે ઇંચ વરસાદ, મેઘરજમાં સવા ઇંચ તેમજ ધનસુરમાં એક ઇંચ જેટલો વરસાદ અને બાયડમાં પોણા ઇંચ તેમજ ભિલોડામાં 7 મિલિમીટર વરસાદ નોંધાયો હતો. માલુપરમાં વરસાદને પગલે ઠેર ઠેર નદી -નાળા છલકાયા હતા. તો અનેક જિલ્લાઓમાં ચોમાસા અગાઉ વાવણી કરેલ મગફળી અને સોયાબિનનો પાકને માઠી અસર થવાની ભીતિ સેવાઈ રહી છે.

---

- હિન્દુસ્તાન સમાચાર

વેધર સાઇટ – સુનિતા

-(NAVIN)